



# તમારાથી રિસાયેલી... રૂઠેલી... લક્ષ્મીજીને મનાવવા માટે મહાલક્ષ્મી હવન કરાવો



મહાલક્ષ્મી હવન એક પવિત્ર અગ્નિ અનુષ્ઠાન છે. જે ખાસ કરીને દેવી મહાલક્ષ્મીજીને સમર્પિત છે.

આ હવન-ધન, સમૃદ્ધિ, સૌભાગ્ય અને સકારાત્મક ઊર્જાની દેવી મહાલક્ષ્મીજીનું આહ્વાન કરીને તેમજ તેમના આશીર્વાદ પ્રાપ્ત કરવા માટે કરવામાં આવે છે.

**આ હવન કરવાનું કારણ અને તેના લાભ છેઃ**

**ધન અને સમૃદ્ધિ મેળવવા**

મહાલક્ષ્મીને ધન અને ઐશ્વર્યની દેવી માનવામાં આવે છે. આ હવન કરવાનો સૌથી પ્રાથમિક ઉદ્દેશ જીવનમાં આર્થિક સ્થિરતા તેમ જ સંપન્નતા લાવવાનો છે. ભક્તો દેવીને પ્રાર્થના કરે છે કે તે તેમના ઘરમાં કાયમી રહે અને પોતાના ધનમાં સતત વૃદ્ધિ કરે.

**ઋણ અને આર્થિક સમસ્યાઓમાંથી મુક્તિ**

જે લોકો દેવું કે આર્થિક સંકટ સામે ઝઝૂમી રહ્યા હોય તેમના માટે વિશેષ લક્ષ્મી હવન કરવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે, મહાલક્ષ્મીજીના આશીર્વાદથી આર્થિક નડતર દૂર થાય છે તેમજ વ્યક્તિને ઋણ-કર્જ-દેવામાંથી મુક્તિ મળે છે.

**યંત્ર-મંત્ર-તંત્ર**

**યજ્ઞેશ ત્રિવેદી**

**નકારાત્મકતા અને દરિદ્રતાનો નાશ**

હવનની અગ્નિ અને મા શ્રી લક્ષ્મીજીના મંત્રોની શક્તિ-ઘર અને વેપારમાંથી નકારાત્મક ઊર્જા, દરિદ્રતા અને દુર્ભાગ્યને દૂર કરે છે. તે ઘરમાં સકારાત્મક ઊર્જાનો સંચાર કરે છે. જેનાથી સુખ-શાંતિ અને સૌભાગ્ય આવે છે.

**વ્યાપાર અને કેરિયરમાં સફળતા**

ધંધામાં સફળતા, નોકરીમાં પદોન્નતિ કે કોઈ પણ નવા કાર્યની શરૂઆત માટે મહાલક્ષ્મી હવન ખૂબ જ શુભ માનવામાં આવે છે. તે ધંધામાં સતત લાભ અને વિકાસનાં દ્વાર ખોલે છે.

**મનોકામના પૂરી કરવા સૌભાગ્ય માટે**

ભક્ત પોતાની અન્ય મનોકામનાઓ પૂરી કરવા તેમજ સૌભાગ્યને આકર્ષિત કરવા માટે પણ આ હવન કરે છે. દેવી મહાલક્ષ્મીજીના આશીર્વાદ જીવનમાં ભૌતિક અને આધ્યાત્મિક બંને તરફનાં લક્ષ્યોને પ્રાપ્ત કરવામાં મદદ કરે છે.

**પૌરાણિક સંદર્ભ**

પૌરાણિક કથાઓ અનુસાર માતા મહાલક્ષ્મી સમુદ્રમંથનના સમયે પ્રગટ થઈ હતી. આ પરંપરામાં આ હવન કરીને ભક્ત પોતાનાં જીવનનાં કષ્ટો અને દરિદ્રતાને દૂર કરવા માટે મા મહાલક્ષ્મીજીનું શરણ લે છે. સંક્ષેપમાં જણાવું તો, મહાલક્ષ્મી હવન-એક વૈદિક અનુષ્ઠાન છે- જેનો ઉદ્દેશ દેવી મહાલક્ષ્મીજીને ખુશ કરવા, ધન, સમૃદ્ધિ, સૌભાગ્ય અને સકારાત્મક ઊર્જાને આકર્ષિત કરવાનો છે. સાથે જ આર્થિક સમસ્યાઓ તેમજ નકારાત્મકતાને દૂર કરે છે.

રૂઠેલી લક્ષ્મીજીને મનાવવાનો આ એક જ રામબાણ, અકસીર ઉપાય છે. જો જીવનમાં મા

**જીવનમાં આર્થિક સંકટ ઊભું કરીને હાલત ખરાબ કરી દેતી મા લક્ષ્મીજીને મનાવવા ઘરમાં, કારખાનામાં, ઓફિસમાં લક્ષ્મી પૂજન લક્ષ્મી હવન ચૈત્ર નવરાત્રીમાં કરાવવાથી લક્ષ્મીકૃપા ફરીથી થાય છે!**

લક્ષ્મીજી રૂઠે તો દેવું કરાવી દે, ધંધામાં મહેનત કરવા છતાં બરકત ના આવે. નાણાં હોય તે બીજાને ઉદારતાથી આપવાથી ફસાઈ જાય છે. પછી તે વ્યક્તિને નાણાં પાછાં આપવાની ‘દાનત’ નથી થતી. તેની પાસે રૂપિયા હોવા છતાં તમારા નાણાં પાછાં લેવા માટે વારંવાર ફોન કરવા પડે. કાકલુદી કરવી પડે. મારે આ કામ માટે જરૂર છે અને આટલા સમયમાં પૈસાની જરૂર છે તો તમે આપો. પરંતુ તે નફ્ફટ હા હા કહીને મહિનાઓ કાઢી નાખે! પરંતુ તે નાણાં આપતો જ નથી!

ઉલટાનું તે તમારા કરતાં વધારે જલસા કરતો જોવા મળે છે! તેથી રૂઠેલી લક્ષ્મીજીને ઘરે જ મહાલક્ષ્મીજીનો હવન જાણકાર પંડિત કે મહારાજ પાસે કરાવવો. ખાલી લક્ષ્મી પૂજા-હોમ કરવાથી લક્ષ્મીજી તમારે ત્યાં ફરીથી નિવાસ કરતી નથી. ઉલટાની છે તે પણ ચાલી જાય છે, તેથી પૂજા-હવન જાણકાર પાસે કરાવવો લાભદાયી રહેશે.

# નારાયણ બલિ વિધિ કરાવવાથી થતા ફાયદા



શાસ્ત્રોમાં કહેવાયું છે કે, જો કોઈ જાણીતા મૃતક આત્મા એટલે કે જેનું નામ અને ગોત્રની તમને ખબર હોય તથા જેમના મૃત્યુનું કારણ પણ તમે જાણતાં હોય અને તે પ્રેતની અવસ્થામાં હોય તો તેના ઉદ્ધાર માટે નારાયણ બલિનું વિધિ-વિધાન કરવામાં આવે છે. નારાયણ બલિ વિશે એ પણ કહેવાય છે કે, તે કોઈ પણ વ્યક્તિને પિતૃદોષમાંથી છુટકારો અપાવે છે. જેને ‘પિતૃશાપ’ પણ કહેવાય છે.

**જડીબુટ્ટી**

**નજુમી**

જે લોકો અકાળ મૃત્યુમાં મરે છેઃ જેમ કે બીમારીથી કે સાપ કરડવાથી છત પડવાથી. ફાંસી લાગવાથી પાણીમાં ડૂબવાથી વીજળીથી કરંટ દ્વારા અચાનક મૃત્યુ થઈ જાય છે અને તેમનો આત્મા ભૂત-પ્રેતોના રૂપે ભટકતો રહે છે. તેમની અસંતુષ્ટ ઈચ્છાઓને પૂરી કરવા માટે નારાયણ બલિની પૂજા કરવામાં આવે છે. નારાયણ બલિની પૂજા વિધિ-એક અંતિમ સંસ્કારમાં કરવામાં આવતી વિધિ જેવી જ છે. કારણ કે એવું કહેવાય છે કે, અંતિમ સંસ્કાર આત્માને બીજી દુનિયામાંથી મુકત કરાવે છે.

**નારાયણ બલિની વિધિથી અંતિમ સંસ્કાર આત્માને બીજી દુનિયામાંથી મુકત કરાવે છે**

નારાયણ બલિ પૂજન કરવાથી ભૂત, પિશાચ નડતર, ધંધામાં સફળતા ના મળવી, આરોગ્યની સમસ્યા રહેવી. પરિવારમાં શાંતિ ના રહેવી.

નારાયણ બલિની પૂજા સામાન્ય રીતે કોઈ પ્રિયજનનું અકાળ કે અસામાન્ય મૃત્યુ (આત્મહત્યા, દુર્ઘટના, વગેરે) બાદ આત્માની શાંતિ અને પિતૃદોષ નિવારણ માટે કરવામાં આવે છે. આ પૂજાવિધિ મૃત્યુના 11મા દિવસથી લઈને એક વર્ષની અંદર ક્યારેય પણ કરી શકાય છે. પરંતુ તેના માટે સૌથી ઉત્તમ સમય ચૈત્ર મહિનો પિતૃપક્ષ (સપ્ટેમ્બર-ઓકટોબર) અને દર મહિનાની અમાસ-સૌથી ઉત્તમ સમય ગણાય.

**નારાયણ બલિ કરાવાથી કયો ફાયદો થાય છે!**

નારાયણ બલિ પૂજાના માધ્યમથી ‘પૂર્વજના શાપમાંથી મુક્તિ’ મળે છે. નારાયણ બલિના પૂજનથી સંતાન સુખ અને ભૂતપ્રેતોમાંથી હંમેશાં માટે છુટકારો મળે છે. ઘરની કોઈ વ્યક્તિનું અનુચિત ઘટનાઓથી મૃત્યુના કારણે પરિવારને દરેક સમસ્યાઓમાંથી બચાવવા માટે નારાયણ બલિની પૂજા-સૌથી અસરકારક રામબાણ ઉપાય છે. જે મુખ્ય રૂપે પિતૃદોષ, અકાળ મૃત્યુ કે અધૂરી ઈચ્છાઓના કારણે ભટકતા આત્માઓની શાંતિ અને મોક્ષ માટે કરવામાં આવે છે.

તેના મુખ્ય લાભમાં પિતૃ દોષ મુક્તિ, પારિવારિક સુખ-શાંતિ અને પૂર્વજોના આશીર્વાદ મળે છે. તે ભગવાન વિષ્ણુ (નારાયણ)ને સમર્પિત એક વિશેષ પૂજા છે, જે પિતૃદોષને દૂર કરીને પરિવારમાં સુખ-શાંતિ અને વંશમાં વૃદ્ધિ ચોક્કસ કરે છે.

દરેક ગૃહસ્થે પોતાના પરિવારમાં સુખ શાંતિ માટે આ કર્મ કરાવવું જોઈએ.

અચાનક સંતાન કુમાર્ગગામી બની જાય.

રૂપિયા, નાણાંની આવક અટકી જાય.

ઘરમાં રોગની સારવારમાં વધારે ધન ખર્ચ થવા લાગે.

કન્યાના લગ્નમાં વિલંબ થતો હોય

પતિ-પત્નીમાં કલેશ અને ઝઘડાનું અચાનક વાતાવરણ બનવા લાગે.

અજ્ઞાત રોગ થવા લાગે.

ઘરમાં અશાંતિ અને કલેશનું વાતાવરણ બનતું હોય તો તેમણે ‘શ્રાદ્ધ કર્મ’ કરાવવું જોઈએ.

એમ પણ કોઈ પણ શુભ કર્મ કરવામાં આવે ત્યારે પહેલાં ‘નાંદી મુખ શ્રાદ્ધ’ વગેરે કરવાનું વિધાન શાસ્ત્રમાં વર્ણન છે. એટલે શ્રાદ્ધ-તર્પણની ક્રિયાઓને જીવનનું અભિન્ન અંગ માની લેવું જોઈએ અને તેનું પાલન કરવું જોઈએ. એક સુખી ગૃહસ્થ જીવન જીવવા માટે પણ તે આવશ્યક કર્તવ્ય છે. ગુજરાતમાં વડોદરા જિલ્લામાં આવેલા ડભોઈ તાલુકામાં ચાણોદ નર્મદા નદી કિનારે ‘નારાયણ બલી’ના જાણકાર પાસે વિધિ કરાવવાથી પિતૃઓને ચોક્કસ મોક્ષ મળે છે. પરંતુ તે વિદ્વાન બ્રાહ્મણ પાસે કરાવવું જોઈએ.



# પિતૃબંધન કેવું હોય છે? કેવી રીતે થાય છે? અને કેવી રીતે સમજવું કે ઘરમાં આ સ્થિતિ બને છે



ઘણાં લોકો ‘પિતૃ બંધન’ શબ્દ સાંભળે છે પણ તેનો અર્થ બરાબર સમજી શકતા નથી. બંધનનો મતલબ ફકત દોરીથી બાંધી દેવું એવું નથી. બંધનનો અર્થ છેઃ કોઈ શક્તિની સ્વાભાવિક ગતિને રોકી દેવી. તેનાં કાર્યમાં અવરોધ કરવો. તેના પ્રભાવને નિષ્ક્રિય કરવો. જે પ્રકારે આપણું શરીર પંચતત્ત્વોથી બનેલું છે તે પ્રકારે પિતૃઓનું સૂક્ષ્મ શરીર પણ એક વિશેષ તત્ત્વથી નિર્મિત થયેલું માનવામાં આવે છે. તે સ્થૂળ નહીં, મંત્ર અને તંત્રના માધ્યમથી તેને રોકી શકાય છે.

**પિતૃ બંધનના પ્રકાર**

પિતૃઓને બાંધવાની અલગ અલગ પદ્ધતિ બતાવવામાં આવે છે. મુખ્ય ત્રણ પ્રકારે સમજી શકાય છેઃ

**1. પ્રવેશ નિષેધ બંધનઃ**

ઘરનો ઉંબરો કે મુખ્ય દ્વાર પર તાંત્રિક ક્રિયા કરવામાં આવે છે, જેનાથી કુળના પિતૃઓ ઘરમાં પ્રવેશ જ ના કરી શકે.

**કાળચક્ર**

**યજ્ઞાનંદ**

પરંતુ ધ્યાન એ રાખવું કે, આ બંધન ફકત પિતૃઓ માટે હોય છે. અન્ય સૂક્ષ્મ શક્તિઓ પ્રવેશ કરી શકે છે, જે પોતાના જ કુળના પિતૃઓ નથી હોતા! બીજા કુળના પિતૃઓ સરળતાથી સૂક્ષ્મરૂપે પ્રવેશી શકે છે.

**પિતૃબંધન કેવી રીતે ખોલી શકાય છે?**

**2. જડવત્ બંધનઃ** પિતૃઓ ઉપસ્થિત થાય છે, પણ મંત્રબળથી તેમને નિષ્ક્રિય કરી દેવામાં આવે છે. તેથી તે સહયોગ કરી શકતા નથી. લગ્ન, સંતાન, માંગલિક કાર્ય, ઉન્નતિમાં મદદ નથી કરતાં.

**3. આંશિક બંધનઃ**

કયારેક ફકત પિતૃઓ બંધાયેલા હોય છે. જયારે દેવ શક્તિઓ મુકત રહે છે.

કયારેક પિતૃઓ અને દેવ-બંને બંધાઈ શકે છે. આવું કયા પ્રકારની તાંત્રિક પ્રક્રિયા કરવામાં આવી છે તેના પર નિર્ભર રહે છે.

**આ માટે સંકેત કયો હોઈ શકે છે!**

ઘરમાં માંગલિક કાર્ય વારંવાર અટકવું.

અમાસની આસપાસ અજબની ઊર્જા અનુભવવી.

વારંવાર એક જ પ્રકારનાં સંકટ આવવું.

ઘરના ઉંબરે કોઈ અજાણ્યું કે પરિચિત જ અસામાન્ય વ્યવહાર કરે ત્યારે.

પિતૃઓ સાથે સંકળાયેલાં સ્વપ્ન આવવું પરંતુ તેનું સમાધાન ના થવું.

આ બધું ચોક્કસ પ્રમાણ નથી, પણ સંકેત હોઈ શકે છે.

બધી જ સમસ્યાઓને ‘પિતૃબંધન’ પણ ના માનવું કેટલીયે વાર કારણઃ કર્મ, મનોસ્થિતિ કૌટુંબિક વિવાદ કે વ્યાવહારિક કારણ હોય છે. અંધ વિશ્વાસ અને અતિભયથી પણ બચવું.

કોઈ પણ પ્રકારનાં બંધન સંભવ છે. તો તેની મુક્તિ પણ સંભવ છે. પરંતુ પહેલાં તેની સમજ જરૂરી હોય છે. પિતૃ બંધન કેવી રીતે ખોલી શકાય? ચાણોદ નર્મદા નદીના કિનારે પિતૃ બંધન, પિતૃદોષ, નારાયણ બલિની વિધિ-વિધાન જાણકારીથી થાય તો તેમાંથી સો ટકા મુકત થઈ જવાય છે!

# નારાયણ બલિ કરાવવા છતાં પણ શ્રદ્ધાળુઓને અનુકૂળ પરિણામ કેમ જોવા મળતું નથી?

પિતૃ દોષ-એક જટિલ દૈવીય સમસ્યા છે. યુગ પ્રભાવ અને ધર્મની ગ્લાનિના કારણે જનમાનસ ભારતીય સંસ્કારથી વિમુખ થઈ જવાના કારણે અને શાસ્ત્રોક્ત પૂજન પદ્ધતિઓના હોવાના કારણે મોટા ભાગના સામાન્ય લોકોને પૂર્વજ પ્રેતત્વને પ્રાપ્ત થાય છે અને પોતાના જ પરિવાર સાથે જોડાયેલા સભ્યોના શરીરોમાં, ઘરોમાં સૂક્ષ્મ રૂપે રહે છે અને તેમને પીડા પહોંચાડે છે. તેમના જેવી જ તે વિચારધારા અને માનસિકતાથી પ્રભાવિત કરે છે. તે પ્રેતને પ્રયાત પૂર્વજોના શરીરમાં ઘરમાં નિવાસ કરવાના કારણે નકારાત્મક પ્રભાવ તે પરિવારના સભ્ય પર રહેલો હોય છે..... તે ઘરની પણ એવી સ્થિતિ રહે છે. એટલા માટે ત્યાં પરસ્પર કલેશ, વિદ્વેષ, વૈમનસ્ય, વિઘટન, લગ્ન વિચ્છેદન, આર્થિક સંકટ વિભિન્ન પ્રકારના રોગ વગેરે પણ થતા રહે છે.... તેના ઉદ્ધાર માટે વિધિવત્ નારાયણ બલિ પૂજન કરાવવાથી તે દુર્ગતિને પ્રાપ્ત થયેલા પૂર્વજ પ્રેત યોનિમાંથી મુક્ત થઈ જાય છે. પરંતુ ફરીથી નવા પ્રેત તેનાં શરીર અથવા ઘરમાં પ્રવેશ કરી જાય છે.. એવું પણ ક્યારેક ક્યારેક નારાયણ બલિ કરાવવા છતાં પણ શ્રધ્ધાળુઓને અનુકૂળ પરિણામ જોવા મળતું નથી.

**સમસ્યા અને સમાધાન**

**વાય.જે.ટી.**

ઘણાં લોકો તકલીફો, પરેશાનીઓ તેમજ હેરાન-પરેશાન થતાં હોય છે. ચૂપચાપ તકલીફો વેઠે છે પરંતુ તેનું સાચું કારણ શું છે તે ખબર ના પડવાથી વધારે ને વધારે હેરાન થાય છે. પછી કોઈ જાણકાર કે જ્યોતિષને બતાવવાથી અથવા તકલીફો કહેવાથી એક વખત પિતૃ દોષની વિધિ કરવા જણાવે છે. આ પિતૃદોષની વિધિ એટલે નારાયણ બલિ? પરંતુ ગમે તે પંડિત પાસે સામાન્ય વિધિ કરાવવાથી ખર્ચેલા રૂપિયા પડી જાય છે અને પરિસ્થિતિ ત્યાં ને ત્યાં જ રહે છે તેથી જીવનમાં એક વખત કોઈ જાણકાર પાસે સચોટ વિધિ વિધાન કરાવવાથી તેનું ખૂબ જ સારું પરિણામ જોવા મળે છે!!

**ચાણોદ નર્મદા કિનારે ઘણા બધાએ નારાયણ બલિની વિધિ કરાવી હશે... પરંતુ ફરીથી નવા પ્રેત તેમના શરીરમાં અથવા ઘરમાં પ્રવેશ કરી જાય છે! આવા ઘાતક પિતૃ દોષમાંથી મુક્તિ મેળવવા માટે સામાન્ય જ્ઞાનવાળા પંડિત ના ચાલે.... તેથી આવું પરિણામ આવે છે**

ચૈત્ર મહિનામાં પિતૃ દોષની વિધિ કરાવવાથી સંપૂર્ણ ફળ મળે છે. ગરુડ પુરાણ અનુસાર પિતૃદોષ ફક્ત કેટલાંક વર્ષો સુધી નહીં પરંતુ કેટલીયે પેઢીઓ સુધી ચાલે છે. એટલું જ નહીં પિતૃ દોષનો પ્રભાવ ફક્ત એક વ્યક્તિ પર જ નથી પડતો. પરંતુ આખા પરિવાર પર પડે છે. પુરાણો શાસ્ત્રો અનુસાર પિતૃ દોષનો પ્રભાવ આવનારી 7 પેઢીઓ સુધી રહી શકે છે. જો કે તે કોઈ પણ વ્યક્તિનાં કર્મોના આધાર પર લાગે છે.

**પિતૃ દોષનાં મુખ્ય લક્ષણ**

ઘરમાં સતત કલેશ, ઝઘડા અને પારિવારિક અસંતોષ સંતાનપ્રાપ્તિમાં વિલંબ કે સંતાન સંબંધિત પરેશાનીઓ... પિતા કે પૂર્વજોનું સ્વાસ્થ્ય ખરાબ રહેવું કે અસામયિક મૃત્યુ, આર્થિક તંગી, દેવું વધવું અને ધનનું સ્થિર ના રહેવું.

પિતૃ દોષ મુખ્ય રૂપે પૂર્વજો પ્રત્યે કર્તવ્યોની બેદરકારી, તેમનું અપમાન કે તેમનું અ-સમય (અકાળ) મૃત્યુનું કારણ હોય છે, જેથી તેમનો આત્મા અશાંત થઈને નારાજ થાય છે.

તે કુંડળીમાં સૂર્ય કે રાહુ/કેતુ નબળો હોવાથી પણ બને છે. જેના કારણે વંશ વૃધ્ધિમાં અવરોધ આરોગ્ય સમસ્યાઓ અને કલેશ જેવી પરેશાનીઓ ઊભી થાય છે.

**પિતૃ દોષનું મુખ્ય કારણ...**

» અંતિમ સંસ્કાર/શ્રાદ્ધમાં કમીઃ

પૂર્વજોના વિધિવિધાનથી અંતિમ સંસ્કાર ના કરવા. પિંડદાન, તર્પણ કે શ્રાદ્ધ ન કરવું.

**પૂર્વજોનું અપમાનઃ** વડીલો કે માતા-પિતાનો અનાદર કરવો.

**અકાળ મૃત્યુઃ** પરિવારમાં કોઈ સભ્યનું આકસ્મિક કે અસામાન્ય મૃત્યુ થવું જેના કારણે આત્મા પિતૃ યોનિમાં ભટકતો રહે છે.

**પાપ કર્મઃ** પૂર્વ જન્મ કે વર્તમાન જન્મમાં કોઈ જીવની હત્યા (જેમ કે નાગ, ગાય) કે બીજાનું ધન/જમીન પર ખોટો કબજો કરવો.

**- જ્યોતિષીય કારણ :** કુંડળીમાં નવમા ભાવ પર રાહુ કેતુનો પ્રભાવ કે સૂર્યનું નબળું હોવું તે પિતા અને પૂર્વજોનો કારક હોય છે.

- વંશ વૃદ્ધિમાં વિલંબ કે સંતાન સંબંધી પરેશાનીઓ.
- ઘરમાં હંમેશા બીમારીઓનો વાસ, ખાસ કરીને અજીબ બીમારીઓ જે સમજી ના શકાય.
- લગ્નમાં વધારે વિલંબ કે લગ્નનું તૂટી જવું.
- કામ પર સતત અસફળતા અને અચાનક આર્થિક નુકસાન.

તેને દૂર કરવા માટે પૈસા આસો મહિનાનો પિતૃ પક્ષમાં કે અમાસ પર શ્રાધ્ધ તર્પણ અને બ્રાહ્મણને દાન કરવું સૌથી કારગર માનવામાં આવે છે.

- ઘાતક પિતૃ દોષઃ એક ગંભીર જ્યોતિષીય સ્થિતિ છે, જે પૂર્વજોના અતૃપ્ત આત્માઓ કે કુંડળીમાં સૂર્ય-રાહુ શનિની યુતિનું કારણ હોય છે. તેનાં લક્ષણોમાં ઘરમાં નિરંતર કલેશ, આર્થિક નુકસાન, સંતાનહીનતા, લગ્નમાં અવરોધ અને અસાધ્ય બીમારીઓનો સમાવેશ થાય છે. તે વંશ વૃધ્ધિ રોકી શકે છે અને જીવનમાં અસફળતા લાવે છે.